# દેવના પાળકો પ્રેરિતોએ વડીલોને જે સૂચનાઓ આપી છે તે પ્રમાણે કરે છે

બાળકોને શિખવનારે P1b સ્ટડી વાંચી જવો



*૧ પિતર ૫ : ૧-૪* "તમારા જે વડીલો છે તેઓનો હું સાથી વડીલ તથા ખ્રિસ્તના દુઃખોનો સાક્ષી તથા પ્રગટ થનાર મહિમાનો ભાગીદાર છું અથી તેઓને વિનંતી કરૂં છું કે જે ટોળુ તમારામાં છે તેનુ પ્રતિપાલન કરો, અધ્યક્ષનું કામ ફરજ પડવાથી નહી પણ ખુશીથી કરો. નીચ લોભને સારૂ નહી પણ તમે તે ટોળાને પણ આદર્શરૂપ થાઓ. જયારે મુખ્ય ઘેટાપાળક પ્રગટ થશે ત્યારે મહિમાનો કદી કરમાઈ ન જનાર મુગટ તમને મળશે."

**પ્રાર્થના :** વ્હાલા પ્રભુ, તમે અમને જે વડીલોને જે ટોળુ સોપ્યુ છે તેનુ પ્રતિપાતન કરવા અમારી સહાય કરો અમે આ સેવા ખુશીથી કરીએ, પૈસા માટે નહિ કે તેમના માલિક બનીને નહી પણ નમ્રતાથી નમૂનો બનીને તેમની સેવા કરીએ અને પ્રભુ ઈસુ અને તેમના પ્રેરિતોના નમૂનાને અનુસરીએ તેવુ થવા દો.

**૧. પાળક તરીકેની સેવા કરવા માટે દેવના વચન દ્વારા તૈયાર થાઓ.**

**પ્રે. ૨૦:૧૭-૩૮ માં** પાઉલે વડીલોને જે સુચનાઓ પોતાના શબ્દો અને કૃત્યો દ્વારા આપી તે જુઓ

- વડીલોએ કયાં કયાં બોધ આપવો (ક.૨૦)
- વડીલોએ કઈ બાબત જાહેર કરવી (ક.૨૭)
- વડીલોએ કઈ બાબતે વિષે સાવધ રહેવું (૨૮-૨૯)
- વરૂઓ કયાં દેખાઈ શકે (૩૦-૩૧)
- એફેસસમાં પાઉલે પોતાની આજીવિકા કઈ રીતે ઊભી કરી (૩૩-૩૫)
- પોતાના લોકો પ્રત્યે વડીલોએ બતાવેલો પ્રેમ (૩૬-૩૮)



**તિત ૧ :૫-૯ માં** વડીલોએ ઠરાવવા વિષેના સિદ્ધાંતા

- ક્રીતના દરેક નગરમાં તિતસે શું કરવાનુ હતું (૪-૫)
- વડીલોની લાયકાતો (૬-૯)

હવે થોડી પળ થોભો, પ્રાર્થના સહિત પાળકોના ગુણલક્ષણોનું લીસ્ટ તૈયાર કરો અને તેમાથી બે કે ત્રણને પૂરા તૈયાર કરવા માટે નક્કી કરો.




અધ્યક્ષ.......નિર્દોષ......સંયમી હોવો જોઈએ તિતસ ૧ : ૭-૮

**એફ ૪:૧૧-૧૨** આગેવાનોની લાયકાતો. (કલમો માંથી ઉત્તર શાધો)

- તમારા શિક્ષણ દ્વારા વિશ્વાસીઓ કઈ બાબતમાં શકિતમાન થવા જોઈએ ? (ક.૧૧-૧૨)
- તમારી દોરવણી માટે ઈશ્વરનો હેતુ ?(૧૩)
- ખ્રિસ્તના સિદ્ધાંત બાબતે તમારી દોરવણીનું પરિણામ (૧૪)

- વિશ્વાસીઓની વાતચિત બાબતે તમારી સેવાનું પરિણામ (૧૫)
- વિશ્વાસીઓની એકબીજા સાથે વર્તણુક બાબતે તમારી સેવાનુ પરિણામ (૧૬)

**માત.૧૮:૧૫-૧૭** કોઈની ખરાબ વર્તણુક બાબતે વડીલે શું કરવું ?

જો કોઈ ફરિયાદ આવે તો તે હલ કઈ રીતે કરવી ?




૨. **સાથીદારો અઠવાડીયાની પ્રવૃતિઓ વિષે યોજના કરો.**

પાળકની જવાબદારી માટે પ્રભુની સહાય માંગો.

તમારી મંડળીમાં કઈ સેવા પર ધ્યાન આપવુ જરૂરી છે તે શોધી કાઢો અને તે બાબતે ક્રિયાત્મક પગલાં લો. જે ઘેટાંઓ (વિશ્વાસીઓ) મુશ્કેલી કે સમસ્યામાં હોય તેમના મુલાકાત લો અને તેમના વાંક દેખાડયા સિવાય તેમને સલાહ આપો કે ભૂલ સુધારવાનો પ્રયત્ન કરો.

**લગ્નો અને જીવનોને મજબૂત કરો** એફે ૫ :૨૧ થી ૬:૪ વિશ્વાસીઓને અંગત, કૌટુંબિક અને એકબીજા સાથે મળીને રોજની પ્રાર્થના માટે ઉતેજન આપો

૧ થેસ્સા. ૫ :૧૭ જેઓ **માંદા હોય જરૂરિયાત હોય અને અન્યાયનો ભોગ બન્યા હોય** તેવાઓ માટે **પ્રાર્થના કરો** ઉત્પતિ ૧૮ :૨૦-૩૩ યાકુ.૫:૧૪-૧૫

મંડળીમાં જેઓ **ગરીબ** હોય તેના વહીવટકર્તા તરીકે દાનસેવા કરો ( લુ.૩-૬:૩૮ માત.૨૫:૧૪-૩૦)

મંડળીમાં બધા એક શરીર રૂપે એકબીજાની સેવા માટે એક મનથી પોતાના દાનો વાપરે તેવુ વ્યવસ્થાતંત્ર ગોઠવો. ૧કો.૧૨ પોતાની અને અન્ય મંડળીમાં એકબીજાની સેવા કરો ૧ કોરીથી ૧૨, એફેસી ૪:૧૧-૧૬, રૂમી ૧૨:૪-૧૬

મંડળીના સભ્યો વચ્ચે પ્રેમભરી સંગત સ્થાપો રૂમી ૧૨ :૩-૨૧; ૧ કો.૧૩

મંડળી રૂપે સ્તુતિ કરો, મેજની સેવા કરો માત્થી ૨૬ : ૨૬-૨૮; હેબ્રી ૧૦ : ૨૫; પ્રેકૃ. ૨ : ૪૬, ૨૦ : ૭

પ્રભુ ઈસુ વિષે લોકોને જણાવો લુક ૨૪ : ૪૬- ૪૮; ૨ તિમોથી ૪ :૫

પ્રભુ ઈસુની આજ્ઞાઓ માનવા તૈયાર હોય તેવા શિષ્યો બનાવો માત્થી ૨૮ : ૧૮- ૨૦ (નમૂનો પ્રેકૃ.૨:૩૭-૪૭)

વિશ્વાસીઓને સેવા કરવા માટે વચનથી તૈયાર કરો નતિ.૧૩,૧૪ તરછોડાયેલા લોકો વચ્ચે નવા જૂથો શરૂ કરો પ્રેરિતો તૈયાર કરીને મોકલો માત ૨૮:૧૫-૨૦ પ્રે ૧:૮ ૧૩: ૧-૩

નવા પાળકો અને પ્રેરિતોને શિક્ષણ આપો માર્ક ૩ : ૧૪, તિતસ ૧ : ૫; ૨ તિમોથી ૨ : ૨

૩. **આગામી ભજનસેવા માટે સાથીદારો સાથે આયોજન કરો.**

પ્રે ૨૦:૧૭-૩૮ માંથી એફેસસના વડીલો સાથેની પાઉલની મુલાકાત વિષે કહો તમને જે મળ્યું તે વિષે પ્રશ્નનો પૂછો (ભાગ -૧)

પાળક વડીલોની લાયકાતો અને ફરજો **વર્ણવો.**

તમે જે સેવાઓ મંડળીની લાયકાતો અને ફરજો વર્ણવો. તમે જે સેવાઓ મંડળીની ઉન્નતિ માટે કરવાનુ આયોજન કર્યુ હોય તેની **જાહેરાત કરો**.(ભાગ -૨)

**પ્રભુની મેજ** માટે યો. ૧૦:૧૧-૧૫ અને ૨૭-૩૦ વાંચો, પ્રભુ ઈસુ ઘેટાનો મુખ્ય રખેવાળ હતો તેણે ઘેટાને સારૂ પ્રાણ આપ્યો તે ઘેટાં આપણે છીએ.

બાળકોએ જે તૈયાર કર્યુ હોય તે તેમને રજુ કરવા દો. (ન્યુ શેફર્ડ સ્ટડીના જે નંબર અને વિષય હોય તેનોજ બાળકોના શિક્ષકોએ પણ પોલ તિમોથી ચીલ્ડ્રન સ્ટડીમાંથી ઉપયોગ કરવો)

બે કે ત્રણના જૂથમાં ભેગા થઈને પ્રાર્થના કરો અને એકબીજાને આયોજન કરવામાટે ઉતેજન આપો.

યિર્મ ૩:૧૫ **મુખપાઠ કરો.**

Copyright © 2004 by Paul - Timothy. May be freely copied. Download from www.Paul-Timothy.net.